ગાંધીનગર સમાચાર

સે-૨૦ ના રંગમંચના રીનોવેશન માટેની કાર્યયોજના તૈયાર



રેતી ખનન - સાબરમતીના પાણી ઉતર્યા - ન ઉતર્યા ત્યાં તો રેતી ખનન પ્રવૃત્તિ ધમધોકાર શરૂ થઈ ગઈ છે... પાટનગરના પાદરમાં મુખ્યમંત્રીના બંગલાથી માત્ર એક કિલોમીટરના અંતરે સચિવાલયથી અઢી કિલોમીટરના અંતરે ગેરકાયદેસર રીતે રેતી ખનન પ્રવૃત્તિ પૂરબહારમાં ચાલતી હોય તો ગુજરાતની અન્ય નદીના પટમાં તો શું હાલત હશે એની કલ્પના માત્રથી હચમચી જવાય છે... પ્રકૃતિની પૂજા ન કરી શકીએ, પ્રકૃતિના રક્ષણ માટે કંઈ યોગદાન ન આપી શકીએ એ કદાચ સમજી શકાય, વિચારી શકાય પરંતુ છડેચોક પ્રકૃતિની ગરિમાના લીરેલીરા ઉડાડીએ આપણી કઈ માનવતા... કઈ ભારતીયતા છે... કચેરીઓમાં ફરિયાદો થાય, અખબારોમાં તસવીરો છપાય પણ રેતી ખનનકારોને કોઈ અસર નથી થતી... કે નથી તંત્રને અસર થતી... કહેવું તો કોને કહેવું ? અને શું કહેવું...? આખુ આભ ફાટ્યું છે... ક્યાં થીગડા મારશું ? કેટલા મારશું ?... હવે તો અખબારોમાં તસવીરો છાપતાય શરમ આવે છે... હદ થાય છે... કોઈ જાગતું હોય તો જાગીને જુએ.... કહેવાય છે ને કે, ઉંઘતાને જગાડવો સહેલો છે, જાગતાને કેવી રીતે જગાડાય...? ગાંધીના નામે નિર્માણ પામેલ ગાંધીનગરના પાદરમાં હચમચી જવાય એવી વિકસતી વૃત્તિ અને પ્રવૃત્તિ ચિંતા ઉપજાવે છે... હજુ પણ મોડુ થાય તે પહેલા આવી તસવીર ક્યારેય છાપવાની તક નિર્માણ ન થાય એવા પગલાં લેવા, એવા સંકલ્પ લેવા તંત્રને અને રેતી ખનનકારોને પ્રજા વતી અનુરોધ છે...

# ફુટપાથના ગાબડા પુરવા માટે ૯૦ લાખનો ખર્ચ થશે

## વાઇબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરાઇ

ગાંધીનગર તા ૧૨

શહેરમાં ફુટપાથ કંગાળ હાલતમાં જોવા મળે છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથની યોગ્ય જાળવણી ન થતા ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. શહેરના મુખ્ય તેમજ સેકટરોને જોડતા માર્ગોની આસપાસ ફુટપાથની આભા ઉભી કરવામાં આવી છે. પરંતુ ફુટપાથની જાળવણીનુ કામ લાંબા સમયથી હાથ ધરવામાં આવ્યુ નથી. જો કે આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ તંત્ર દ્વારા ફુટપાથ સુધારણા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી પાછળ રૂ ૯૦ લાખના ખર્ચ થવાનો અંદાજ છે.

શહેરમાં ફુટપાથ નિર્માણની કામગીરીના અંતે વોક વે ની યોગ્ય જાળવણી ન થતા હાલ ફુટપાથ કંગાળ હાલતમાં છે. શહેરમાં પ્રથમ તબક્કે મુખ્ય માર્ગો પર વોક વે નુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ.ત્યારબાદ સેકટરોના અન્ય માર્ગો પર તબક્કાવાર કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ ફુટપાથની બાકી કામગીરી અન્વયે તંત્ર દ્વારા સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે બાકી કામ પણ પુર્ણ કરવામાં આવ્યુ હતુ જો કે હજુ પણ શહેરના ગ માર્ગ પર ફુટપાથનુ કામ અમુક ભાગમાં બાકી છે. ત્યારે આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી રોડ બ્યુટીફિકેશનની સાથે ફુટપાથની દરકાર લેવા માટે તંત્ર દ્વારા પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોને જોડતા આંતરિક માર્ગો આસપાસ ફુટપાથ પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ઘણાં ઠેકાણે ફુટપાથ બેસી ગઈ છે. ગ માર્ગ પર ફુટપાથની ટાઈલ્સો ઉખડી જતા વોકીંગ કરવાનુ પણ જોખમી બન્યુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ ફુટપાથની આભા નિખારવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ માટે ૯૦ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

# જિલ્લામાં ૧૭મી સપ્ટેમ્બર સુધી સ્વચ્છતા અભિયાન

## પ્લાસ્ટીક અને ગંદકીને દૂર કરવા ટીમો બનાવી કામગીરીનો અહેવાલ રોજેરોજ આપવા તાકીદ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં આજથી તાબડતોબ સ્વચ્છતા અભિયાન સપ્તાહ ઉજવવા માટે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ તાલુકા વિકાસ અધિકારીઓને સૂચના આપી છે.

૧૭મી સુધી આ સામૂહિક અભિયાન ઉજવવાની તાકીદ કરતાં જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું કે ગણેશ મહોત્સવ તેમજ અંબાજીના ભાદરવી પૂનમના મેળામાં જતા પદયાત્રીઓનું ભારણ ઘટી ગયું છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે જરૂરી છે. તેમણે આ અંગે ટીમો બનાવી આ ઝુંબેશમાં થતી કામગીરીનો અહેવાલ પણ નિયમિત રીતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી અજય પટેલને મોકલી આપવા જણાવ્યુ છે.

તેમણે સ્વચ્છતા મિશન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં નિયમિત સફાઈની કામગીરીનું પણ મોનીટરીંગ કરવા માટે તાલુકા વિકાસ અધિકારીઓને જણાવ્યું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈ માટેનું ઉદાસીન વલણ

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદ ખેંચાતાં કપાસ-મગફળીના પાકોના વાવેતર માટે ખેડૂતો ચિંતાતુર

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ખરીફ પાકને લઈ ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે. ખાસ કરીને કપાસ, મગફળી અને શાકભાજીના પાકોનું વાવેતરને લઈ ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૭૩ ટકા જેટલો જ મોસમનો વરસાદ નોંધાયો છે અને જે રીતે ગરમીનો પારો તાપ વરસાવી રહ્યો છે તેને લઈ ખેડૂતોની ચિંતામાં ભારે વધારો થવા પામ્યો છે.

જિલ્લાની જમીન રેતાળુ ગોરાડુ પ્રકારની હોવાથી મગફળીના પાકમાં ઉધઈ અને ડોળનો રોગ થવાની શક્યતાઓ વધી જવા પામી છે. ડોળના રોગની ફરિયાદ તો ખેડૂતોમાં છુટક છુટક સાંભળવા મળી રહી છે. જિલ્લામાં ઉધઈનો ઉપદ્રવ પણ વધુ પ્રમાણમાં થતો હોવાથી મગફળીના પાક સામે પણ આ ખતરો ઉભો થવા પામ્યો છે. જિલ્લામાં સિંચાઈ અને પિયતના સંશાધનો ઓછા છે ત્યારે ખેડૂતોની ચિંતા વધી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે કપાસના પાકમાં પણ ફૂલ બેસવાનો સમયગાળો આવી પહોંચ્યો છે અને તેને પિયતની જરૂરિયાત ઉભી થવા પામી છે. ગરમીને કારણે કપાસનો પાક જો લંઘાઈ જાય તો કપાસના ઉત્પાદન પર વિપરીત અસરો થવાની સંભાવનાઓને લઈ ખેડૂતો ચિંતાતુર બની ગયા છે. કપાસનું વાવેતર આમેય જિલ્લામાં ઘટ્યું છે તો ઉભી થયેલી વિપરીત સ્થિતિમાં ઉત્પાદન ઘટે તો ખેડૂતોની આવક પર અસર પડે અને તેની સીધી અસર ગ્રામીણ અર્થતંત્ર પર પડે તેમ છે.

શાકભાજીના પાકોમાં પણ રોગચાળાનો ભય સેવાઈ રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે વરસાદે જે રીતે વિદાય લીધી છે તેના પછી ઉભી થયેલી સ્થિતિને લઈ તંત્રની ચિંતામાં પણ વધારો થવા પામ્યો છે.

જિલ્લામાં ૧ લાખ ૨૯ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલું છે. ખેડૂતો હવે પિયતની સુવિધા માટે દોડાદોડ કરતા નજરે પડી રહ્યા છે. સિંચાઈની સિમીત સુવિધા છે અને વીજળીના પુરવઠાના પણ પ્રશ્નો છે આ સ્થિતિને લઈ ખેડૂતો ચિંતાતુર બની ગયા છે.

# ખ-માર્ગને સિકસલેન બનાવવાનો પ્રોજેકટ મંદ

## ૨૦ ટકા જ કામ થયુ છે : વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આ માર્ગ પર મહાનુભાવોની અવરજવર વિશેષ રહે છે

ગાંધીનગર તા ૧૨

શહેરના ખ માર્ગને સિકસલેન બનાવાની યોજનાનુ કામ અટવાયુ છે. ખ માર્ગને સિકસ લેન બનાવવા માટે ૯ મહીનાનો સમય નિયત કરાયો હતો. પરંતુ ૮ મહીનાના અંતે પણ હજુ માત્ર ૨૦ ટકા જ કામગીરી થઈ છે. ત્યારે વાઈબ્રન્ટ સમિટમાં મહાનુભાવોની અવરજવર માટે મુખ્ય બનતા આ માર્ગના વાઈડનીંગનુ કામ સમયસર પુર્ણ થાય તે માટે વિભાગને પણ જાણ કરવામાં આવી છે.

શહેરમાં ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી ચાલી રહી છે. ગત ફેબ્રુઆરી મહીનામાં ખ માર્ગને બન્ને બાજુ ૩.૫૦ મીટર પહોળો કરવા માટે કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે આ કામગીરી પાછળ રૂ ૫ કરોડનો ખર્ચ થશે. પરંતુ લાંબા સમયના અંતે પણ ખ માર્ગને સિકસલેન બનાવાની કાર્યયોજના મંદ ગતિએ ચાલતા આમ નાગરિકો માટે પણ પરેશાની વધી છે. ખ માર્ગને સિકસલેન બનાવવા માટે ૯ મહીનાનો સમય નિયત કરાયો હતો. પરંતુ ૮ મહીનાના સમયગાળા બાદ પણ

● અનુસંધાન પાન-૭ પર



ઈકો ફ્રેન્ડલી વિસર્જન - ગણપતિ વિસર્જનમાં નવા અભિગમથી ઈકો ફ્રેન્ડલી વિસર્જનનો મહિમા પણ વધતો જાય છે... શહેરના સેક્ટર-૨૩માં વિલેજ વાટિકાના અભિજીત ગુજરાથીના નિવાસસ્થાને ગણપતિનું સ્થાપન કરાયું હતું અને ઘરે જ પાણીની ડોલમાં જ ફુલ અને પાણીમાં ગણપતિજીનું વિસર્જન કરાયું હતું... ૨૪ કલાક બાદ પાણી આંગણાના બગીચાના ક્યારામાં નંખાયું હતું જેથી છોડને પણ મજબૂતાઈ અને આશીર્વાદ મળ્યા હતા.... ઈકો ફ્રેન્ડલી ગણપતિ વિસર્જનનો અનોખો અભિગમ પ્રસંશનીય છે અને પ્રેરક પણ છે...

# સે-૨૦ ના રંગમંચના રીનોવેશન માટેની કાર્યયોજના તૈયાર

## રંગમંચની કાયાપલટ કરવા માટે બિલ્ડીંગ, સ્ટેજ, લોન, તેમજ પાણીનો નવીન સંપ પણ બનશે

ગાંધીનગર તા ૧૨

સે-૨૦ રંગમંચના રીનોવેશન માટે કાર્યયોજના તૈયાર થઈ ગઈ છે. સેકટરના રંગમંચને નમુનારૂપ બનાવવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે. ખંડેર ભાસતા રંગમંચની દશા સુધારવા માટે રૂ ૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જેમાં રંગમંચના બિલ્ડીંગ સહીત સ્ટેજ,લોન ,ચોકીદાર રૂમ અને પાણી માટે સંપનુ કામ પણ હાથ ધરવામાં આવશે. જો કે હજુ કામ શરૂ થતા બે મહીના જેટલો સમય લાગશે. શહેરના સેકટરોમાં સ્થિત રંગમંચો પૈકી મોટાભાગના ખંડેર હાલતમાં ભાસી રહયા છે. નગરમાં સૌ પ્રથમ નિર્માણ કરાયેલા સે-૧૬ ના રંગમંચને ચકાચક બનાવી દેવાયો છે. ત્યારે અન્ય સેકટરોમાં પણ રંગમંચોની દશા સુધારવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. ખંડેર બનતા રંગમંચો બિનઉપયોગી બન્યા છે. ત્યારે સેકટરોના રંગમંચોની દશા સુધારવા માટે તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહયુ છે. આગામી દિવસોમાં સે-૨૦ રંગમંચની દશા સુધારવા આયોજન કરવામાં આવ્યુ છે.સે-૨૦ ના રંગમંચના રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં રંગમંચના બિલ્ડીંગ,કમ્પાઉન્ડ વોલ,ટોઈલેટ બ્લોક, સ્ટેજ,પેવર બ્લોક,ચોકીદાર રૂમ,અને પાણી માટેનો સંપ પણ નવો બનાવાશે. આ ઉપરાંત રંગમંચના બ્યુટીફિકેશનનુ કામ પણ હાથ ધરાશે. હરિયાળી લોન તેમજ પ્લાન્ટેશનની કામગીરી પણ હાથ ધરાશે.



વૃક્ષ ધરાશયી - વૃક્ષ વાવો - પર્યાવરણ બચાવો... અભિયાન વચ્ચે વૃક્ષનું આ અપમૃત્યુ આઘાતજનક છે... વનસ્પતિમાં પણ જીવ છે એવું માનનારા આપણે આ દ્દશ્યથી હચમચી જઈએ છીએ... વારંવાર વૃક્ષ પડવાની અને વાહન વ્યવહારને અવરોધવાની ઘટનાઓ બનતી જાય છે... આપણે ભારતીય નાગરિક તરીકે વૃક્ષના સંરક્ષણ માટે જો થોડીક પણ કાળજી વધારીએ તો જુવાન જોધ વૃક્ષો પડી જવાની ઘટનાઓ નિહાળવી ના પડે....

# ભાલ વિસ્તારમાં નર્મદા નહેરની કામગીરી ખુબ ઝડપથી પૂર્ણ કરાશે

અમદાવાદ, તા.૧૨

ધોલેરા એસઆઈઆર સહિતના સંપૂર્ણ ભાલ વિસ્તારમાં નર્મદા યોજનાની નહેરોની કામગીરી સત્વરે હાથ ધરીને ઝડપથી પૂર્ણ કરવામાં આવશે તેવો નિર્ણય આજે એસઆઈઆર અને સરદાર સરોવર નર્મદા નિગમના ઉચ્ચ અધિકારીઓની ગાંધીનગર ખાતે મળેલી સમીક્ષા બેઠકમાં લેવામાં આવ્યો છે.

વધુમાં આ કામગીરીમાં ઝડપ લાવવા જરૂરી પ્રિ કન્સ્ટ્રક્શન એકિટવિટી તથા જમીન સંપાદન જેવી સંબંધિત કામગીરી સત્વરે પૂર્ણ કરાશે, તેમ પણ કાર્યપાલક ઈજનેરની યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગરમાં ૧૫મીએ ઈજનેરી સંશોધન કોન્ફરન્સનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સેક્ટર-૨૮ ખાતે આવેલી સરકારી ઈજનેરી કોલેજમાં આગામી તા. ૧૫ અને ૧૬ સપ્ટેમ્બર-૨૦૧૬ દરમિયાન બે દિવસીય નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ નેશનલ કોન્ફરન્સમાં કોમ્પ્યુટર એન્જીનીયરીંગ, ઈન્સ્ટ્રુમેન્ટેશન અને કંટ્રોલ એન્જીનીયરીંગ તેમજ બાયોમેડીકલ એન્જીનીયરીંગના રીસર્ચ પેપર્સનું પ્રેઝન્ટેશન અને ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ ટેકનીકલ શૈક્ષણિક સંસ્થાઓના અધ્યાપકો, વિવિધ રીસર્ચ સેન્ટર અને યુનિવર્સિટીના અધ્યાપકો અને સંશોધકો દ્વારા આ કોન્ફરન્સમાં રીસર્ચ પેપર રજુ કરવામાં આવશે.

વધુમાં બે દિવસીય નેશનલ કોન્ફરન્સમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને વિવિધ એન્જીનીયરીંગની વિદ્યાશાખોમાં થતા નવા સંશોધનો અને ટેકનોલોજીની ખુબ વિગતો માહિતી મળશે.

TUITION
Home Tuitions
& Group Tuitions
1st to 5th All Subject
(English & Hindi Medium)
(English Grammar-up to 10th)
Contact No. 99246 54400
97239 65860
By : Sunil Sir
(M.A. English Lit.) MBA FINANCE
JOIN TODAY FOR
BETTER TOMORROW

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... ૩૫મી વર્ષગાંઠ તેની
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com